

<u>પ્રેસનોટતા.૨૪/૦૯/૨૦૨૧</u>

⮚ લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારનાંમાંથી અફીણનાં પોષ ડોડાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી. તથા લાઠી પોલીસ ટીમ.

⮚ ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓ દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૨૦/૦૮/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય, જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમો ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

⮚જે અનુસંધાને અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી.ટીમ ને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, લાઠી પો.સ.ઇ.શ્રી એન.એ.વાઘેલા તથા એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી.ટીમ લાઠી પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, લાઠી ટાઉન "કલાપી પાર્ક" માં રહેતા અશોકભાઇ ઉર્ફે કાળુભાઇ રતીલાલ વોરા, રહે. લાઠીવાળા પોતાના કબ્જા ભોગવટા રહેણાંક મકાને ગેરકાયદેસર માદક પદાર્થનો જથ્થો અફીણનાં પોષ ડોડવાઓ રાખેલ છે જે અનુસંધાને સદરહું જગ્યાએ રેઇડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

✨ પકડાયેલ આરોપીઃ-

અશોકભાઇ ઉર્ફે કાળુભાઇ રતીલાલ વોરા, ઉવ.૭૦, ધંધો-વેપાર, રહે. લાઠી ટાઉન, "કલાપી પાર્ક" .જય અંબે, તા.લાઠી, જી.અમરેલી.

✨ કબ્જે કરેલ મુદ્દમાલઃ-

મજકુર પકડાયેલ ઈસમ પાસેથી માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુકકો, ૩૬ કિલો. કિ.રૂા.૧,૦,૮૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ -૧, કિ.રૂા.૭૦૦૦/- તથા એક સાદો વજન કાંટો સ્ટીલનાં છાબડા સાથે કિ.રૂા.૭૦૦/- તથા બે પ્લાસ્ટીકનાં સફેદ કલરનાં કોથળા કિ.રૂા.-૦૦/- તથા ૧૦૦, ૨૦૦, ૫૦૦, ગ્રામનાં વજન માટેનાં વજનીયા કિ.રૂા.૪૫ મળી કુલ મુદ્દામાલની કિ.રૂા.૧,૧૫,૭૪૫/- ના મુદ્દામાલના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમને વધુ તપાસ અર્થે લાઠી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

➢આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.,શ્રી બાબરા પો.સ્ટે., તથા એસ.ઓ.જી. પો.સ.ઈ. તથા લાઠી પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી.તથા લાઠી પો.સ્ટે., ટીમ દ્વારા એક ઈસમને માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુકકાના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## પ્રેસ નોટ તા.૨૪/૦૯/૨૦૨૧

## અમરેલી શહેરમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટાનો જુગાર રમતા ઇસમને રૂ.૧૬,૬૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી એલ.સી.બી. અમરેલી.

**ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી સાહેબ નાઓએ રાજ્યમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ્ત રાય સાહેબ નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન પ્રોહિબીશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી એલ.સી.બીના ઇન્ચાર્જ પો.ઇન્સ તથા પો.સ.ઇ. શ્રી.નાઓની રાહબરી નીચે અમરેલી એલ.સી.બી ટીમે** અમરેલી શહેરમાં લક્કી મોબાઇલ વાળી શેરીમાં **મુંબઇ ઇન્ડીયન અને કોલકતા નાઇટ રાઇડર વચ્ચે આઇ.પી.એલ. ક્રિકેટ મેચ દરમ્યાન મોબાઇલ ફોનમાં ઓનલાઇન જે.જે.એમ.ઇઇ.ટી નામની આઇ.ડી.** આધારે અલગ અલગ મોબાઇલ નંબર વાળા ઇસમો સાથે કેટ સટ્ટાનો જુગાર રમતો રમાડતો એક ઇસમને પકડી પાડી તેની સામે તથા સંડોવાયેલ ઇસમો સામે જુગારધારા તળે ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ સટોડીયાને અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

**પકડાયેલ આરોપીઃ-**

મિત ઉર્ફે કિશન કિશોરભાઇ હરિયાણી, ઉ.વ.૨૮, રહે.અમરેલી,ઓમનગર.

**પકડાયેલ મુદામાલઃ-**

રોકડા રૂ.૧૧,૬૮૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧, કિં.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૬,૬૮૦/-નો મુદ્દામાલ

આ કામગીરી પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી.અમરેલીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી તથા પો. સબ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.



## <u>પ્રેસનોટ તા.૨૫/૦૯/૨૦૨૧</u>

✍ *પી.આઇ.ટી.NDPS એક્ટ ૧૯૮૮ ( The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988 ) મુજબ મધ્યસ્થ જેલ, અમદાવાદ શહેર ખાતે એક ઈસમની અટકાયત કરી જેલ હવાલે કરતી અમરેલી એસ.ઓ.જી. ટીમ.*

✍ *ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર* દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોનાં ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, અને વેચાણ કરતા અટકાવવા સારૂ અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ હોય, જે અનુસંધાને *શ્રી અશોકકુમાર યાદવ સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ ભાવનગર* તથા *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય, સાહેબ* નાઓએ અમરેલી જીલ્લામાં માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ઈસમોને ઝડપી પાડવા અને NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમો વિરૂધ્ધ પી.આઇ.ટી. NDPS એક્ટ ૧૯૮૮ (The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988) મુજબની PIT દરખાસ્ત તૈયાર કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

✍ જે અન્વયે *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નાઓએ *એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા *એસ.ઓ.જી.ટીમ* ને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા *એસ.ઓ.જી.ટીમ* દ્વારા NDPS એકટ તળેનાં વારંવાર ગુન્હાઓ કરતાં ઇસમ વિરૂધ્ધ PIT, NDPS એક્ટ ૧૯૮૮ *(The Prevention of illicit Traffic in Narcotic Drugs and Psychotropic Substances Act-1988)* મુજબનાં જાહેર વ્યવસ્થા તથા પ્રજાના જાહેર સ્વાસ્થ્યને જોખમમાં મુકવા, અને તેના લીધે લોકોને આર્થિક પાયમાલી સર્જાય તેવી પુરેપુરી શકયતા બાબતેનાં સબળ પુરતાં પુરાવાઓ મેળવી વ્યવસ્થિત દરખાસ્ત તૈયાર કરી *પોલીસ અધિક્ષક સાહેબશ્રી* મારફતે *પોલીસ મહાનિદેશક સાહેબ શ્રી, સી.આઇ.ડી.ક્રાઈમ, અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* નાઓ તરફ મોકલતા મજકુર ઇસમની PIT દરખાસ્ત મંજુર થતા મજકુર ઈસમની સદરહું ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણનાં વારંવાર ગુન્હા આચરતાં ઈસમને અટકાયતમાં લઇ મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર, ખાતે રવાનાં કરવામાં આવેલ છે.

### *PIT NDPS અન્વયે અટકાયત કરેલ ઈસમ*ઃ-

(૧) હુશેન અબ્દુલભાઇ ઉર્ફે અબુભાઇ કાલવા, ઉ.વ.-૩૦, ધંધો.ડ્રાઈવીંગ, રહે.અમરેલી બહારપરા, સંતોષી માતાના મંદિર પાસે, મંડોરા શેરી, તા.જી.અમરેલી.

✍આમ,પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ ભાવનગર* તથા અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ *એસ.ઓ.જી.પો.સ.ઈ., તથા *એસ.ઓ.જી. ટીમ* દ્વારા PIT NDPS, અધિનિયમ ૧૯૮૮ કલમ-૩, હેઠળ એક ઈસમની અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં સફળતા મળેલ છે.